–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત સરસપુર હંજર સિનેમા પાસે આવેલ આર.સી.ટેકનીકલ પાસે કોર્નર ઉપર બુલેટ ટ્રેનનું સ્ટેશન બનાવવાનું કામકાજ દિનેશચંદ્ર આર.અગ્રવાલ કંપની દ્વારા ચાલુમાં છે. જે સ્ટેશનના પાછળના ભાગે બુલેટ ટ્રેનના ટ્રેકનો પીલ્લર બનાવવાનું કામકાજ ચાલુ કરવાનું હોય ફૈઝાન સ્કુલથી નવું નિર્માણ પામેલ બુલેટ ટ્રેન સ્ટેશન સુધી ૨૫–મીટર જેટલો રોડ વાહન વ્યવહાર માટે ડાયવર્ટ કરવામાં આવનાર છે. આ કામગીરી ૩–માસમાં પુર્ણ કરવામાં આવનાર હતી. પરંતુ ટેકનીકલ કારણોસર,રેલ્વેના શીડ્યુલ તથા ભારે વરસાદને કારણે સદર કામગીરી સમય–મર્યાદામાં પુર્ણ થઇ શકેલ નથી. જેથી આ કામગીરી વધુ **૩–માસ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમિયાન** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧.	આર.સી.ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ થી ફૈઝાન સ્કુલ વાળો રેલ્વે પાર્સલ ઓફીસ સુધીનો રેલ્વે ટ્રેક સાઇડનો આશરે ૫૦૦ મીટરનો એક બાજુનો રોડ વાહન વ્યવહારની અવર–જવર માટે બંધ રહેશે.	**૧.** ફૈઝાન સ્કુલ તરફથી આવતો ટ્રાફિક રેલ્વે પાર્સલ ઓફીસ થઇ જુના શહેરકોટડા પોલીસ સ્ટેશન થઇ ગુરુદ્વારા થઇ હંજર સિનેમા મેટ્રો સ્ટેશન તરફના અલગ અલગ માર્ગ તરફ જઇ શકશે. **૨.** કાલુપુર મેટ્રો સ્ટેશન હંજર સિનેમા તરફથી આવતો ટ્રાફિક સરસપુર ગુરુદ્વારા થઇ જુના શહેરકોટડા પોલીસ સ્ટેશન થઇ રેલ્વે પાર્સલ ઓફીસ થઇ ફૈઝાન સ્કુલ તરફ જઇ શકશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૪/૧૦/૨૦૨૫

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર